રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝો./જા.નં. : ૬૦૭ 　　　　　　　　　　　　　　તા.૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ: શ્રી અર્જુનભાઈ પેથાભાઈ ચૌહાણ 　　　　　　　　　　　　　વોર્ડ નં.૧૬

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | ૧ | જંગલેશ્વરમાં ડિમોલીશન બાબતે થયેલ ખર્ચના બીલ કેટલા લોકોને ચૂકવ્યા અને ચૂકવવાના બાકી છે? | રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૬ માં આવેલ આજી નદીના પટ્ટા તેમજ અંતિમ નગર રચના યોજના નં. ૬ ના ૧૫.૦૦ મીટર પહોળાઈ ધરાવતા ટી.પી. રોડની રસ્તા રેષામાં આવતા ગેરકાયદેસર બાંધકામો/દબાણો દુર કરવા બાબતે તા.૨૩/૦૨/૨૦૨૬ અને તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મેગા ડીમોલીશન હાથ ધરવામાં આવેલ. આ ડીમોલીશન કરતા પહેલા તા.૨૧/૦૨/૨૦૨૬ અને તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ ડીમોલીશન પૂર્વે આગોતરી જાણ કરવા તથા લોકોને સમજાવટથી સ્થળાંતર કરાવવાની કામગીરી કરવામાં આવેલ, તેમજ તા.૨૫/૦૨/૨૦૨૬ થી તા.૨૭/૦૨/૨૦૨૬ સુધી ડીમોલીશન કરવામાં આવેલ બાંધકામોના કાટમાળ હટાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.<br><br>સમગ્ર ડીમોલીશન કામગીરી દરમિયાન અંદાજીત કુલ ૪૬૦૦+ જેટલા કર્મચારી/અધિકારીઓ (RMC સ્ટાફ, પોલીસ સ્ટાફ, વગેરે) અને અન્ય સપોર્ટીંગ સ્ટાફ સહિતનો સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવેલ. સદરહું કામગીરી સવારના ૬ કલાકે થી શરૂ કરી સાંજના ૬ કલાક (અમુક ટીમોને સાંજે ૭ થી ૮ કલાક) સુધી કરવામાં આવેલ.<br><br>સદર ડીમોલીશન કરવા બાબતે રચવામાં આવેલ વિવિધ સમિતિઓ દ્વારા કરવામાં આવેલ ખર્ચ અને ચૂકવણાની વિગતો નીચે મુજબ છે.<br><br><u>સાંસ્કૃતિક વિભાગ દ્વારા કરવામાં આવેલ ખર્ચ તથા ચૂકવણાની વિગત</u><br><br>• સમગ્ર કામગીરી દરમિયાન મંડપ કામે કુલ રૂ. ૯,૦૯,૬૦૦/- નો ખર્ચ થયેલ, જે પૈકી રૂ.૪,૩૬૬/- નું ચૂકવણું કરવામાં આવેલ, જયારે બાકીનું ચૂકવણું |

કરવાનું બાકી છે.

- પીવાના પાણીની વ્યવસ્થા સ્થળ ઉપર જ પૂરી પાડવામાં આવેલ, જે પરત્વે કુલ રૂ.૨૨,૯૨,૦૯૬/- નો ખર્ચ થયેલ, જે તમામ ખર્ચ ચૂકવવાનો બાકી છે.
- વિડીયોગ્રાફર તેમજ ડ્રોન મારફત વીડીયોગ્રાફી, સર્વેલન્સ અને મોનીટરીંગ ના કામે કુલ રૂ.૨૮,૦૫,૮૦૮/- નો ખર્ચ થયેલ છે, જે પૈકી રૂ.૨૫,૫૨,૧૦૮/- ની ચુકવણી કરવામાં આવેલ છે, જ્યારે બાકીની રકમનું ચુકવણું બાકી છે.
- સમગ્ર કામગીરી દરમિયાન ઇલેક્ટ્રિક કામગીરીના કામે કુલ રૂ.૪,૬૬,૭૩૨/- નો ખર્ચ થયેલ છે, જે તમામ ખર્ચ ચૂકવવાનો બાકી છે.

<u>વર્કશોપ શાખા દ્વારા કરવામાં આવેલ ખર્ચ તથા ચૂકવણાની વિગત</u>

- ડીમોલીશન કામગીરીમાં રાજકોટ મહાનગર પાલિકાના વિવિધ વાહનોમાં કુલ ૪૦૫૫ લીટર ડીઝલ પુરવામાં આવેલ, જે અન્વયે કુલ રૂ. ૩,૫૬,૮૮૦/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવામાં અઆવેલ છે.
- નડતરરૂપ વાહનો ખસેડવા માટે ટોઈંગ ક્રેનની વ્યવસ્થા કરવામાં આવેલ, જેના ભાડા પેટે રૂ. ૨૨,૭૫૦/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવામાં આવેલ.
- કર્મચારીઓ/અધિકારીઓને ડીમોલીશન સાઈટ પર જવા માટે તથા પરત આવવા માટે ભાડેથી મેળવવામાં આવેલ બસો માટે રૂ. ૬,૬૯,૭૬૮/- નો ખર્ચ થયેલ, જેનું ચુકવણું કરવામાં આવેલ છે.

<u>સેન્ટ્રલ સ્ટોર (સ્ટેશનરી) વિભાગ દ્વારા કરવામાં આવેલ ખર્ચ તથા ચૂકવણાની વિગત</u>

- ડીમોલીશન દરમિયાન કર્મચારી/અધિકારીઓની સુરક્ષા માટે કુલ ૧૯૦૦ હેલ્મેટની ખરીદી કેન્દ્ર સરકારના ઈ-માર્કેટ GEM PORTAL પરથી કરવામાં આવેલ, જેમાં કુલ રૂ. ૪,૭૧,૨૦૦/- નો ખર્ચ થયેલ.

જેનું ચુકવણું કરવામાં આવેલ છે.

- સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના મંજુર રેઈટ કોન્ટ્રાકટના ભાવે ૧૮૦૦ નંગ એપ્રન ખરીદી કરવામાં આવેલ, જે અન્વયે કુલ રૂ.૫,૦૭,૭૪૪/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવામાં આવેલ છે.
- સેન્ટ્રલ સ્ટોર શાખાના રેઈટ કોન્ટ્રાકટ મુજબ ID card, દોરી અને સવાર સાથે ૨૦૦૦ નંગ ખરીદી કામે કુલ રૂ. ૨૪,૦૦૦ નો ખર્ચ થયેલ, જેનું ચુકવણું કરવાનું બાકી છે.

<u>ફૂડ એન્ડ રીફ્રેશમેન્ટની વ્યવસ્થા અન્વયે થયેલ ખર્ચ તથા ચૂકવણાની વિગત</u>

- ફૂડ અને રીફ્રેશમેન્ટ માટે કુલ રૂ. ૨૭,૨૦,૯૪૬/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવાનું બાકી છે.

<u>બાંધકામ શાખા દ્વારા ડીમોલીશન અર્થે વાહન અને માનવ સંસાધન પેટે કરવામાં આવેલ ખર્ચ અને ચૂકવણાની વિગત</u>

- જેસીબી, ડમ્પર, ટ્રેક્ટર, હિટાચી મશીન વિગેરે વાહનો, ડ્રાઇવર, બ્રેકર, ગેસ કટર વગેરે સાધનો માટે ઓપરેટર, ડ્રાઇવર, સુપરવાઇઝર જેના સુપર વિઝન અને સંકલન, વાહન અને માનવ સંસાધન માટે મેનપાવર ઉપરાંત લેબરના ખર્ચ પેટે કુલ રૂ. ૧,૪૭,૭૦,૭૬૩/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવામાં આવેલ છે.
- નળ કનેક્શન કપાત કરી એન્ડ કેપ લગાવવાની કામગીરી અર્થે કુલ રૂ. ૯૪,૪૨૭/- નો ખર્ચ થયેલ, જેનું ચુકવણું કરવામાં આવેલ છે.

<u>સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા દેવપરા મેઈન રોડ ઉપર આવેલ કાવેરી પ્લોટ ખાતે થી કોઠારિયા ખાણ સુધી સી. એન્ડ ડી વેસ્ટ નાખવા માટે કરવામાં આવેલ ખર્ચ અને ચૂકવણાની વિગત</u>

- સદર કામે કોન્ટ્રાકટ ના બે ઈટાચી મશીન તથા ડમ્પર દ્વારા ૩૮૫ ફેરા થયેલ જેનો કુલ ખર્ચ રૂ.

| | | | |
|---|---|---|---|
| | | | ૧૧,૮૦,૦૨૩/- થાય છે, જેનું ચુકવણું કરવામાં આવેલ છે.<br><br>જંગલેશ્વરમાં મેગા ડીમોલીશન કામગીરી દરમિયાન તા.૨૧/૦૨/૨૦૨૬ થી ૨૭/૦૨/૨૦૨૬ સુધી થયેલ કામગીરી દરમિયાન કુલ રૂ. ૨,૭૨,૯૨,૭૩૭ નો ખર્ચ થયેલ છે. |

શાખાધિકારીની સહી ..........................................

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર

વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રી અર્જુનભાઇ પેથાભાઇ ચૌહાણ

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૪ (૨) | મોનસુન ચાલુ થઇ ગયેલ હોય જેમા મહાનગરપાલિકા દ્વારા ૧૮ વોર્ડમાં શું કામગીરી કરી? | ચોમાસા દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાની બાંધકામ શાખા દ્વારા ચાલુ વરસાદ દરમિયાન સ્ટ્રોમ વોટર ડ્રેનેજમાં પાણીનાં ઝડપી નિકાલ માટે કેચપીટની જાળી પર આવેલ કચરાને સફાઇ કરવામાં આવે છે. જો કોઇ રસ્તા પર પોટહોલ્સ પડે તો મેટલ- મોરમ, પેવીંગ બ્લોક તથા સી.સી. દ્વારા પેચવર્ક કરવામાં આવે છે.<br>આ ઉપરાંત ચોમાસાને ધ્યાને લઇ **ICCC** ખાતે ૨૪ **X** ૭ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે. આ કંટ્રોલ રૂમમાં અલગ અલગ વિસ્તારોનું સીસીટીવી કેમેરા મારફત સર્વેલન્સ કરવામાં આવે છે તથા ભારે વરસાદ સમયે જે તે વિસ્તારોમાં વધારે વોટર લોગીંગ થયાનું ધ્યાનમાં આવતાં લગત વોર્ડનાં સ્ટાફને આ બાબતની જાણ કરવામાં આવે છે અને જે તે વોર્ડનાં સ્ટાફ દ્વારા સત્વરે સ્થળ પર જઇ પાણી નિકાલ કરવાની કામગીરી કરાવવામાં આવે છે. |

એડી. સીટી એન્જીનીયર

(સેન્ટ્રલ ઝોન)

રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

SWACHH SURVEKSHAN 2025-26

રા.મ.ન.પા/સો.વે.મે/જા. નં. ૧૫૯૯ — તા. ૨૫/૦૭/૨૦૨૫

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામ: શ્રી અર્જુનભાઇ પેથાભાઇ ચૌહાણ

કોર્પોરેટર શ્રી વોર્ડ નં -૧૪

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૪.૨ | મોનસુન ચાલુ થઇ ગયેલ હોય જેમાં મહાનગરપાલીકા દ્વારા ૧૮ વોર્ડમાં શું કામગીરી કરી? | રાજકોટ મહાનગરપાલીકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં દરેક વોર્ડ વાઈઝ ૫ સફાઈ કર્મચારીઓની ટીમ નિયુક્ત કરી વરસાદ દરમિયાન અને વરસાદ બાદ વરસાદી પાણી નિકાલ માટેની સ્ક્રીન ચેમ્બરોની સફાઈ કરાવવામાં આવે છે.<br><br>મોનસુન દરમિયાન વોકળા જેવા કે પોપટપરા નાલુ, લલુડી વોડકી, એસ્ટ્રોન ચોક, મોરબી રોડ, કુબલીયાપરા, રણુજા મદિર પાસે, વૃંદાવનનું નાલુ, રૂપાલી સ્ટુડિયો ૮૦ ફૂટ રોડ, પારડી રોડ, ગુંદાવાડી શાક માર્કેટ વોકળો, નટેશ્વર મહાદેવ મંદિર વોકળો, રૈયા ગામ વોકળો, રામધન આશ્રમ પાસે, મવડી સ્મશાન, પ્રેમ મંદિરની સામે આવેલ વોકળા જે.સી.બી ડમ્પર તથા મેન પાવર મારફત સફાઈ કામગીરી કરવામાં આવેલ છે. |

શાખાધિકારીની સહી:

પર્યાવરણ ઇજનેર
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ
રાજકોટ મહાનગરપાલીકા

રા.મ.ન.પા/રોશની/મ.ઝો./જા. નં. ૨૮૪ તારીખ : ૧૮/૦૭/૨૦૨૬

<u>વિષય : તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ</u>

**સભ્યશ્રીનું નામ : શ્રી અર્જુનભાઇ પેથાભાઇ ચૌહાણ**

**વોર્ડ નં. :-૧૬**

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | ૦૨ | મોનસુન ચાલુ થઇ ગયેલ હોય જેમાં મહાનગરપાલિકા દ્વારા ૧૮ વોર્ડ માં શું કામગીરી કરી? | રાજકોટ મહાનગરપાલિકાની રોશની શાખા દ્વારા મોનસુન ચાલુ થયા બાદ સ્ટ્રીટલાઇટ વીજ નેટવર્ક ફોલ્ટ અને સમગ્ર વિસ્તાર બંધ હોવા સબબની અંદાજીત ૮૨૭ ફરીયાદનું પી.જી.વી.સી.એલ સાથે સંકલન કરી નિરાકરણ કરવામાં આવેલ છે અને આ પ્રકારનાં ફોલ્ટને કારણે બંધ થયેલ સ્ટ્રીટલાઇટ નેટવર્ક રીપેરીંગ કરી પુર્વવત કરવામાં આવેલ છે. |

શાખા: રોશની

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ:- શ્રી બી.ડી. જીવાણી

હોદ્દો:- ઇ.ચા. એડી. સીટી એન્જીનીયર

રા.મ.ન.પા/ગાર્ડન/જા. નં. ८४० | તારીખ : ૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/ ૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : શ્રીઅર્જુનભાઈ પેથાભાઈ ચૌહાણ | વોર્ડ નં. ૧૬

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | (૨) | મોનસુન ચાલુ થય ગયેલ હોય જેમાં મહાનગરપાલિકા દ્વારા ૧૮ વોર્ડમાં શું કામગીરી કરી? | રાજકોટ મહાનગરપાલિકાની બગીચા શાખા દ્વારા ચાલુ વર્ષ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં ભયજનક/સુકા ૫૬ વૃક્ષો દુર કરવાની કામગીરી તથા નડતરરૂપ, ભયજનક બાબત ધ્યાને લઈ ૨૯૩૪ વૃક્ષોની ડાળીઓનું કટિંગ/ ટ્રીમિંગ / બેલેન્સીંગ કરવાની કામગીરી પ્રિ-મોન્સુન અંતગર્ત કરવામાં આવેલ છે.<br>આ ઉપરાંત પડી ગયેલ વૃક્ષો/વૃક્ષોની ડાળીના નિકાલની કામગીરી, વૃક્ષો ટ્રીમીંગ કરવાની / બેલેન્સીંગ કરવાની કામગીરી તથા તેના નિકાલની કામગીરી ગાર્ડન શાખા દ્વારા જરૂરીયાત મુજબ નિયમિત કરવામાં આવેલ છે.<br>મોનસુન ધ્યાને લઈ વિવિધ પ્લોટમાં, ગાર્ડનમાં, સેન્ટ્રલવર્ઝમાં વૃક્ષારોપણની કામગીરી તેમજ ડોર ટુ ડોર નિ:શુલ્ક પ્લાન્ટ વિતરણની કામગીરી કરવામાં આવેલ છે. |

શાખા: ગાર્ડન શાખા

શાખાધિકારીની સહી: ____________

શાખાધિકારીનું નામ: ડૉ. બી.આર. જાકાસણીયા

હોદ્દો: ડાયરેક્ટર (પી&જી)

રા.મ.ન.પા./ફા.ઇ.સ./જા.નં૮૯૯ તારીખ :-૧૩/૦૭/૨૦૨૬

**વિષય :- તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ મળનાર જનરલ બોર્ડમા સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.**

**સભ્યશ્રીનું નામ :- શ્રી અર્જુનભાઇ ચૌહાણ** **વોર્ડ નં.૧૪**

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | ૦૨ | ➢ મોનસુન ચાલુ થઇ ગયેલ હોય, જેમા મહાનગરપાલિકા દ્વારા ૧૮ વોર્ડમા શું કામગીરી કરી ? | • મોનસુન દરમ્યાન શહેરના જુદા જુદા વિસ્તારમા ૧૯ જગ્યાએ ઝાડ રસ્તા ઉપર પડતા રસ્તો બંધ થઇ જતા ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ શાખા દ્વારા પડેલ ઝાડ દુર કરી રસ્તો ખુલ્લો કરવામા આવેલ. |

શાખા :- ફાયર & ઇમરજન્સી સર્વિસીઝ

શાખાધિકારીની સહી :-

શાખાધિકારીનું નામ :- અમિત કે. દવે

હોદ્દો :- ઇન્ચા. ચીફ ફાયર ઓફિસર

ચીફ ફાયર ઓફિસર
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ
રાજકોટ મહાનગરપાલિકા

રાજકોટ મહાનગરપાલિકા ફાયર & ઈમરજન્સી સર્વિસીઝ રાજકોટ

વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રી અર્જુનભાઇ પેથાભાઇ ચૌહાણ

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૪ (૩) | જુના કેટલા બીલો મહાનગરપાલિકામાં બાકી છે કે નહી ૨૦૧૭ થી લઇને ૨૦૨૬ સુધીનાં? | રાજકોટ મહાનગરપાલિકાની બાંધકામ શાખા દ્વારા વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૬ દરમિયાન અલગ અલગ કારણોને લીધે કુલ – ૪ કામનાં રૂ.૨.૦૪ કરોડનાં બિલો એજન્સીને ચૂકવવાનાં બાકી છે. |

એડી. સીટી એન્જીનીયર
(સેન્ટ્રલ ઝોન)
રાજકોટ મહાનગરપાલિકા

રા.મ.ન.પા/દ.હ.વિ./જા.નં. ૩૦૮ તારીખ:- ૨૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામ :- શ્રી અર્જુનભાઈ પેથાભાઈ ચૌહાણ , વોર્ડ નં.-૧૪.

| પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૪ (૩) | જુના કેટલા બીલો મહાનગરપાલિકામાં બાકી છે કે નહિ ૨૦૧૭ થી લઈને ૨૦૨૬ સુધીના ? | ➢ રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખામાં મેનપાવર સપ્લાય એજન્સી અલ્ટ્રા મોર્ડન દ્વારા રજુ કરેલ પૈકી ૩માસ અને મેનપાવર સપ્લાય એજન્સી રાઠોડ કન્ટ્રકશન એજન્સી દ્વારા રજુ કરેલ પૈકીના ૩ માસના બીલ ખર્ચ મંજુરીની પ્રકિયામાં હોય પેન્ડીંગ છે. |

શાખા:- દબાણ હટાવ વિભાગ

શાખાધિકારીની સહી:- ..............................

શાખાધિકારીનું નામ:- પી.જે.બારીયા

હોદ્દો:- એન્કોચમેન્ટ ઓફિસર

# રાજકોટ મહાનગરપાલિકા

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

SWACHH SURVEKSHAN 2025-26

રા.મ.ન.પા/સો.વે.મે/જા. નં. ૧૫૦૮ તા. ૨૫/૦૭/૨૦૨૫

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

**સભ્યશ્રીનું નામ: શ્રી અર્જુનભાઇ પેથાભાઇ ચૌહાણ**

**કોર્પોરેટ શ્રી વોર્ડ નં -૧૪**

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા પેન્ડીંગ બીલની વિગત | | | | |
| | | વોર્ડ નં | એજન્સીનું નામ | કામગીરીની વિગત | પેન્ડીંગ બીલની વિગત | |
| ૧૪.3 | જુના કેટલા બીલો મહાનગરપાલીકામાં બાકી છે કે નહી ૨૦૧૭ થી લઇ ને ૨૦૨૬ સુધીના ? | ૨ બ/ક | સ્પાયર એન્ટરપ્રાઇઝ | મેનપાવર સપ્લાય | એપ્રીલ -૨૩ થી માર્ચ -૨૪ સુધી કુલ ૨૪ બીલ | એજન્સી દ્વારા P.F, E.S.I.C , પાર્ટી ઇન વોઇસ વગેરે જેવાં સંવીધાનીક ડોક્યુમેન્ટ રજુ કરેલ નથી. |
| | | 3 અ/બ/ક/ડ | | | જુલાઇ -૨૩ થી માર્ચ -૨૪ સુધી કુલ ૨૧ બીલ | |
| | | ૧૩/બ | | | એપ્રીલ-૨૨ થી ડિસેમ્બર -૨૩ સુધી કુલ ૨૧ બીલ | |
| | | ૧૧ | | | મે-૨૦૨૩ થી ડિસેમ્બર -૨૩ સુધી કુલ ૮ બીલ | |

શાખાધિકારીની સહી:

પર્યાવરણ ઇજનેર
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ
રાજકોટ મહાનગરપાલીકા

રા.મ.ન.પા./ પ્રોજેકટ /જા.નં ૧૭૦ તા.૧૮/૭ /૨૦૨૬

**વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ :- અર્જુનભાઈ પેથાભાઈ ચૌહાણ** **વોર્ડ નં. :-૧૬**

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪. | ૩. | જુના કેટલા બીલો મહાનગરપાલિકામાં બાકી છે કે નહિ વર્ષ:૨૦૧૭ થી લઈને વર્ષ:૨૦૨૬ સુધીના? | રાજકોટ મહાનગર પાલિકાની પ્રોજેકટ શાખામાં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન(DAY-NULM)નું અમલીકરણ કરવામાં આવે છે. જે અંતર્ગત શહેરી ઘર વિહોણા લોકો માટે કાર્યરત ભોમેશ્વર આશ્રયસ્થાનનું સંચાલન જુલાઈ-૨૦૨૫ સુધી વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટને સોપવામાં આવેલ હતું.<br>આ આશ્રયસ્થાનના સંચાલન પેટે સંસ્થાને રૂ.૬૨૫૦૦/- માસિક ગ્રાન્ટ નિયત કરવામાં આવેલ હતી.જેના માહે મે-૨૦૨૩ થી ડીસેમ્બર-૨૦૨૪ સુધીના બિલો સંચાલક સંસ્થા દ્વારા મોડા રજુ કરેલ હોય હાલ આ બિલો મંજુરી અંગેની વહીવટી પ્રક્રિયામાં છે. |

શાખા: પ્રોજેકટ શાખા

શાખાધિકારીની સહી:-

શાખાધિકારીનું નામ:- બી.એચ.પરમાર

હોદ્દો:- મેનેજર

રા.મ.ન.પા/વિજીલન્સ/જા.નં. ૪૨

તા. ૨૯/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામ :- અર્જુનભાઇ પી. ચૌહાણ, વોર્ડ નં. ૧૫

| પ્રશ્ન નં | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૪ (૩) | ૨૦૧૭ થી ૨૦૨૬ સુધીના જુના કેટલા બીલો મહાનગરપાલિકામાં બાકી છે ? | ➢ રાજકોટ મહાનગરપાલિકાની વિજીલન્સ શાખામાં સને ૨૦૧૭ થી સને ૨૦૨૬ સુધીમાં માત્ર એક બીલ પેન્ડિંગ છે.<br>➢ જે બીલ વિવિધ શાખામાં આઉટસોર્સિંગ સ્ટાફથી મેનપાવર પુરા પાડતી એજન્સી જી.ડી. અજમેરાનું છે. |

શાખા :- વિજીલન્સ શાખા

શાખાધિકારીની સહી :- ........................

શાખાધિકારીનું નામ :- બી.એલ.કાથરોટીયા

હોદ્દો :- ચીફ વિજીલન્સ ઓફિસર

રા.મ.ન.પા/રોશની/મ.ઝો./જા. નં. ૨૫૭ તારીખ : ૧૪ /૦૭/૨૦૨૬

<u>વિષય : તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ</u>

સભ્યશ્રીનું નામ : શ્રી અર્જુનભાઇ પેથાભાઇ ચૌહાણ

વોર્ડ નં. :- ૧૬

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | 03 | જુના કેટલાં બીલો મહાનગરપાલીકામાં બાકી છે કે નહી ૨૦૧૭ થી લઇને ૨૦૨૬ સુધીનાં ? | રાજકોટ મહાનગરપાલિકાની રોશની શાખા હસ્તક ૨૦૨૫-૨૬ નાં કુલ ૦૨ બીલ અંતર્ગત રકમ રૂ. ૧૩,૫૦,૦૦૦/- નાં બીલ બાકી છે. |

શાખા: રોશની

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ:- શ્રી બી.ડી. જીવાણી

હોદ્દો:- ઇ.ચા. એડી. સીટી એન્જીનીયર

રા.મ..ન.પા./એસ્ટેટ/ જા.નં-૬૩૫ તા.૧૫/૦૭/૨૦૨૬

વિષય:- તા.૨૦/૦૭/૨૦૨૬ના યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રી નું નામ :- અર્જુનભાઈ પેથાભાઈ ચૌહાણ વોર્ડ નં-૧૪

| ક્રમ | પેટા પ્રશ્ન નં | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | 03 | જુના કેટલા બીલો મહાનગરપાલિકામાં બાકી છે કે નહી ૨૦૧૭ થી લઈને ૨૦૨૬ સુધીના? | રાજકોટ મહાનગરપાલિકાના એસ્ટેટ શાખા દ્વારા મયુર સેનેટરી માર્ટ સહકારી મંડળી લી.ને હાઉસકિપીગ અંગેનો કોન્ટ્રાકટ તા.૦૧/૦૭/૨૦૨૧થી આપવામાં આવેલ. જે કામગીરીના બીલો એજેન્સીને અત્રેથી રજુ કરવા વખતો વખત જણાવતા તા.૦૧/03/૨૦૨૫ થી ૩૧/૦૭/૨૦૨૫ સુધીના બીલ એસ્ટેટ શાખામાં તા. ૧૨/૧૧/૨૦૨૫ રોજનાં રજુ કરાવેલ.<br><br>આ બિલોની ચકાસણી કરતા ટેન્ડરની શરતો અનુસાર ડોક્યુમેન્ટ બીલો સાથે રજુ કરેલ ન હોય અત્રેથી વખતોવખત એસ્ટેટ જા.નં-૧૭૦૧.તા.૨૯/૧૨/૨૦૨૫ એસ્ટેટજા.નં-૨૧૩૪ તા.૨૦/03/૨૦૨૬ એસ્ટેટ જા.નં-૧03 તા.૦૭/૦૪/૨૦૨૬ પત્રના માધ્યમથી રજુ કરવા જણાવેલ તથા બાકી સમયના બીલો પણ સમય મર્યાદામાં રજુ કરવા જણાવેલ.<br><br>જેથી તા.૦૧/૦૮/૨૦૨૫ થી ૩૧/03/૨૦૨૬ સુધીના બીલ એસ્ટેટ શાખામાં તા. ૨૪/૦૬/૨૦૨૬ ના રોજ રજુ કરાવેલ. પરંતુ અગાઉના બીલોમાં ખુટતા ડોક્યુમેન્ટ હજુ સુધી રજુ કરવામાં આવેલ નથી.<br><br>પ્રાથમિક દ્રષ્ટીએ તા.૨૪/૦૬/૨૦૨૬ના રજુ થયેલ આ બીલોમાં પણ ટેન્ડરની શરતો મુજબ પૂરતા ડોક્યુમેન્ટ રજુ થયેલ નથી જે માટે એજેન્સીને વારંવાર મૌખિક સુચના આપવામાં આવેલ છે. હવે લેખિતમાં સુચના આપવામાં આવશે. આમ અપૂરતા પુરાવાઓને કારણે એજેન્સીના આ બિલોની રકમ ચૂકવવાનાં પેન્ડીંગ છે. |

શાખા : એસ્ટેટ

શાખાધિકારીની સહી:-..............................

શાખાધિકારીનું નામ :- એમ.એ.ગાંધી

હોદ્દો:- મેનેજર

રા.મ.ન.પા/ગાર્ડન/જા. નં. ૮૭૯ તારીખ : ૧૬/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/ ૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : શ્રીઅર્જુનભાઈ પેથાભાઈ ચૌહાણ વોર્ડ નં. ૧૬

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | (૩) | જુના કેટલા બીલો મહાનગરપાલિકામાં બાકી છે કે નહી ૨૦૧૭ થી લઈને ૨૦૨૬ સુધીના? | રાજકોટ મહાનગરપાલિકાની બગીચા શાખામાં જુના કોઈ બીલો બાકી નથી.<br>ચાલુ કામો તથા ટૂંક સમયમાં પૂર્ણ થયેલ કામોના ૨૪ બીલો ચૂકવવા માટેની પ્રક્રિયામાં છે. |

શાખા: ગાર્ડન શાખા

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: ડૉ. બી.આર. જાકાસણીયા

હોદ્દો: ડાયરેક્ટર (પી&જી)

રા.મ.ન.પા/ સેન્ટ્રલ સ્ટોર (સ્ટેશનરી) /જા. નં. 379 તારીખ : ૦૯ /૦૭ /૨૦૨૬

વિષય : તા. ૨૦/૦૭ /૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : અર્જુનભાઈ પેથાભાઈ ચૌહાણ વોર્ડ નં. ૧૬

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | ૩ | જુના કેટલા બીલો મહાનગરપાલિકાનાં બાકી છે કે નહિ ૨૦૧૭ થી લઈને ૨૦૨૬ સુધીના? | સેન્ટ્રલ સ્ટોર સ્ટેશનરી વિભાગમાં ૨૦૧૭ થી માર્ચ ૨૦૨૬ સુધીમાં રજુ થયેલ બીલ પૈકી સને ૨૦૨૩ ના કુલ ચાર બીલો બાકી છે. જ્યારે એપ્રિલ ૨૦૨૬ પછીના રજુ થયેલ બોલો ચૂકવણા અર્થે આગળની કાર્યવાહી અર્થે મોકલી દેવામાં આવેલ છે. |

શાખા: _સેન્ટ્રલ સ્ટોર સ્ટેશનરી

શાખાધિકારીની સહી:________________

શાખાધિકારીનું નામ: પ્રણવ એસ. પંચોલી

હોદ્દો::- ઓફિસ સુપ્રીન્ટેન્ડેન્ટ

રા.મ.ન.પા/સાં.વી.વી./જા.નં.૪૨૦

તારીખ :૧૬/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : શ્રી અર્જુનભાઈ પેથાભાઈ ચૌહાણ વોર્ડ નં. ૧૬

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | 3 | જુના કેટલા બિલો મહાનગરપાલિકામાં બાકી છે કે નહી ૨૦૧૭ થી લઈને ૨૦૨૬ સુધીના? | રાજકોટ મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિકાસ વિભાગ દ્વારા રાજ્ય સરકાર તેમજ મહાનગરપાલિકાના વિવિધ કાર્યક્રમો કરવામાં આવતા હોય છે. જેમાં વિવિધ મહાનુભાવોની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલી, યોગ દિવસ, પતંગ મહોત્સવ, વિવિધ સંગીત સંધ્યા તેમજ લોકાર્પણ ખાતમુહૂર્ત કાર્યકમોનો સમાવેશ થાય છે. આ કાર્યકમો માટે થયેલ ખર્ચના બિલ લગત એજન્સીઓ દ્વારા રજૂ થયેથી, નિયત મંજૂરીની વહીવટી પ્રક્રિયા કરીને ચૂકવણું કરવામાં આવતું હોય છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિકાસ વિભાગ હસ્તક કુલ ૧૯૯ બિલો બાકી છે. |

શાખા: સાંસ્કૃતિક વિકાસ વિભાગ

શાખાધિકારીની સહી: 16/7/26

શાખાધિકારીનું નામ: K. B. Unava

હોદ્દો: મેનેજર

રા.મ.ન.પા/ રે.સં/ જા. નં. ૩૭૩ તારીખ : ૧૮/ ૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ: શ્રી અર્જુનભાઈ ચૌહાણ વોર્ડ નં.૧૪

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૪ | ૧૪(૩) | જુના કેટલા બિલો મહાનગરપાલિકામાં બાકી છે કે નહિં ૨૦૧૭ થી લઈને ૨૦૨૬ સુધીના? | રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની રેસકોર્ષ સ્નાનાગાર શાખામાં વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૬ દરમિયાન કુલ-૫૬ બીલ ચૂકવવાના બાકી છે. જે એજન્સી દ્વારા નિયમોનુસારના પૂરતાં આધાર-પૂરાવા રજૂ ન કરતાં ચૂકવેલ નથી. |

શાખા: રેસકોર્ષ સંકુલ

શાખાધિકારીની સહી: ૧૮/૭/૨૬

શાખાધિકારીનું નામ: હિતેષ બી. ભસોટીયા

હોદ્દો: મેનેજર